જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૧૦/૨૦૧૭ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૯૯૩/૧૭**

**ક્રાઇમ બ્રાન્ચ :**

## વિદેશી તથા દેશીદારૂના જથ્થા સાથે જાણીતી સ્ત્રી ગુન્હેગાર ને અટક કરતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના સંયુકત પોલીસ કમિશનર શ્રી જેકે.ભટ્ટ સાહેબ, નાયબ પોલીસ કમિશનર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓએ આજરોજ ગાંધી જયંતી નિમીતે ગુજરાત રાજ્યમાં દારૂબંદી હોય જેથી આવા સારા દિવસે અમદાવાદ શહેર વિસ્તારમાં દારૂ ની બદી સદતર નાશ પામે તે સારૂ કામગીરી કરવા આપેલ સુચના અનુસાર ક્રાઇમ બ્રાન્ચ એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ ના શ્રી કે.જી.ચૌધરી નાઓના સીધા માર્ગદર્શન હેઠળ એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ ના ટીમના માણસો કાર્યરત હતા, દરમ્યાન મળેલ બાતમી આધારે રાણીપ કાળીગામ પુનિત સોસાયટીમાં રહેતા**ભારતીબેન તે ભરતભાઇ સુરાભાઇ શર્માની વિધવા ઓરત** ના ઘરે રેઇડ કરી તેઓના ઘરમાંથી તથા તેમના કબ્જાના બાજુમાં આવેલ કાચબા ઘર તથા ઘોડા બાંધવાની જગ્યામાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ તથા બિયર નંગકુલ નંગ- 667 કિ.રૂ. 1,11,500/ તથા દેશીદારૂ લિટર- 74 કિ.રૂ. 1480 મળી કુલ કિ.રૂ. 1,12,980 નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરી ઉપરોકત નામવાળા સ્ત્રી વિરૂધ્ધ ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

આ કામે અટક કરેલ **ભારતીબેન તે ભરતભાઇ સુરાભાઇ શર્માની વિધવા ઓરત**અગાઉ દેશી વિદેશી દારૂનો ધંધો કરવા બદલ ઘણાં કેસોમાં પકડાયેલ છે તેમજ અગાઉ કુલ-6 વખત પાસા અટકાયતી તરીકે જામનગર, વડોદરા, રાજકોટ ખાતે જેલમાં રહી આવેલ છે. તેમજ સને 2017 માં પાસા અટકાયતી તરીકે જામનગર જેલમાં રહી આવી આજથી બે માસ પહેલાં જેલમાંથી છુટી ઘરે આવેલ છે. તેમ છતાં પોતાની પ્રોહી પ્રવુતિ ચાલુ રાખેલ છે





## પાલડી પોલીસ સ્ટેશન :

મે.પોલીસ કમિશ્નર સા શ્રી તથા જોઈન્ટ પોલીસ કમિશ્નર સેક્ટર-1 સા શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-7 સા શ્રી નાઓએ મિલ્કત સબંધી ગુન્હાઓ તેમજ અનડીટેક્ટ ગુન્હાઓ શોધવા આપેલ સુચના અન્વયે મે મદદનીશ પોલીસ કમિશ્નર "એન" ડિવીઝન સા શ્રી ના માર્ગદર્શન હેઠળ પાલડી પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં-105/17 ઈ.પી.કો કલમ-356,379 મુજબના કામે આરોપી નાવઝખાન ઉર્ફે જીણીયો યુસુફખાન પઠાણ રહે.મ.નં- 2208, હોટેલ ટુરીસ્ટની ગલીમા પાંચ કુવા કાલુપુર,અમદાવાદ શહેર નાઓને તા.2/10/2017 ના રોજ કલાક 17/10 વાગે સંયુક્ત બાતમી હકિકત આધારે અટક કરેલ છે. અને તપાસ દરમ્યાન સદરહુ આરોપી કાલુપુર પો.સ્ટે નો હિસ્ટ્રીશીટર છે. અને તે નીચેના ગુન્હાઓમા અમદાવાદ શહેરમા વોન્ટેડ છે.

(1) વાડજ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.ન-224/17 ઈ.પી.કો કલમ-356,379,114

(2) ઈસનપુર પો.સ્ટે ગુ.ર.ન-132/17 ઈ.પી.કો કલમ-356,379,114

તથા સદરહુ આરોપી અગાઉ બે વખત પાસામા અટકાયત કરેલ છે. તથા અગાઉ નીચેના ગુન્હાઓમા પકડાયેલ છે.

(1) વાડજ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.ન-56/17 ઈ.પી.કો કલમ-356,379,114

(2) ઘાટલોડીયા પો.સ્ટે ફસ્ટ ગુ.ર.ન-38/17 ઈ.પી.કો કલમ-356,379,114

(3) પાલડી પો.સ્ટે ફસ્ટ ગુ.ર.ન-43/16 ઈ.પી.કો કલમ-379

(4) ઓઢવ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.ન-366/14 ઈ.પી.કો કલમ-356,379,114

(5) મણીનગર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.ન-53/17 ઈ.પી.કો કલમ-356,379,114

(6) સેટેલાઈટ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.ન-349/2006 ઈ.પી.કો કલમ-356,379,114

(7) એલીસબ્રીજ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.ન-19/16 ઈ.પી.કો કલમ-,379,461, 114

(8) નવરંગપુરા પો.સ્ટે ફસ્ટ ગુ.ર.ન-892/2004 ઈ.પી.કો કલમ-379,461, 114

(9) કાલુપુર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.ન-105/2000 ઈ.પી.કો કલમ-,379,

(10) બાપુનગર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.ન-291/2006 ઈ.પી.કો કલમ-454,457,380,

આમ, ઉપરોકત આરોપી ચેન-સ્નેચીંગ, વ્હીકલ ચોરી, ઘરફોડ ચોરી,સાદી ચોરી જેવા ગુન્હાઓમા સંડોવાયેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ




નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.